The Right of Persons With Disabilities Act-2016
હેઠળ દિવ્યાંગો માટે જાહેર મકાનોને સુગમ્ય બનાવવા
(રેમ્પ+લીફ્ટ+હેન્ડીકેપ ટોયલેટ) ની ચાલુ બાબતને
સને ૨૦૨૨–૨૩માં વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ
ઠરાવ ક્રમાંક : સકલ/૧૦–૨૦૧૯/૨૬૬૪૮૪/ઇ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૨૮ /૦૪/૨૦૨૨.

**વંચાણે લીધા :–**

(૧) અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૨૬/૧૧/૨૦૧૯નો પત્ર ક્રમાંક : અપગ/૧૦૨૦૧૯/૫૮૪૫૦૯/છ–૧.

(૨) વિભાગની સરખાં ક્રમાંકની ફાઇલ પર સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગની તા.૨૧/૦૪/૨૦૨૨ના રોજ મળેલ મંજૂરી.

**ઠરાવ :–**

સંદર્ભ (૧) અનુસાર અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ દ્વારા વિભાગ હસ્તકની આવેલ ખાતાના વડાઓની કચેરીઓ/પેટા કચેરીઓમાં The Right of Persons With Disabilities Act-2016 હેઠળ દિવ્યાંગો માટે જાહેર મકાનોને સુગમ્ય બનાવવા (રેમ્પ+લીફ્ટ+હેન્ડીકેપ ટોયલેટ) બનાવવા અંગે જરૂરી કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેના અનુસંધાને નાણાંકીય વર્ષ ૨૦૨૨–૨૩માં ચાલુ બાબત તરીકે રૂ. ૧,૦૦,૦૦૦/–(અંકે રૂપિયા એક લાખ પુરા)ની અંદાજપત્રમાં જોગવાઇ કરેલ છે. જેની વહીવટી મંજુરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી. કાળજી પૂર્વક વિચારણાના અંતે વિભાગ હસ્તકના જાહેર મકાનોને દિવ્યાંગો માટે સુગમ્ય બનાવવાની યોજના માટેની રૂ. ૧.૦૦ લાખ (અંકે રૂપિયા એક લાખ)ની ચાલુ બાબતને નીચે દર્શાવેલ શરતોને આધિન વહીવટી મંજુરી આપવામાં આવે છે.

**શરતો :–**

(૧) વર્ષ ૨૦૨૨–૨૩ના બજેટ જોગવાઇને આધિન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી છે, તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે. અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિં.

(૪) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૫) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૬) બાંધકામના કામોમાં મંજૂર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

(૭) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે નાણાં વિભાગ મારફત રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૯) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા. ૦૪/૧૦/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક : એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચની સૂચના મુજબ GeM web Portal પરથી ખરીદી કરવાની રહેશે. જો તેમ શક્ય ન હોય તો તા. ૦૧/૧૦/૨૦૧૮ના ઠરાવથી આપવામાં આવેલ સૂચના મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગની પૂર્વ મંજૂરી મેળવવાની રહેશે.

(૧૦) આઇ. ટી. સંબંધિત તમામ બાબતો અંગે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની વખતો વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૧) આ મંજૂરી અન્વયે જો કોઇ પણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીના પ્રર્વતમાન ધારાધોરણો અને નિયમાનુસાર કરવાની રહેશે.

(૧૨) વર્ષના અંતે જો કોઇ બચત રહે તો તે પરત કરવાની રહેશે.

(૧૩) આ વહીવટી મંજૂરી અન્વયે નવીન મકાનનું બાંધકામ, નવું મહેકમ, નવી યંત્ર સામગ્રી તેમજ નવા વાહનની ખરીદી કરી શકાશે નહીં.

(૧૪) જો કોઇ ખરીદી કરવાની થતી હોઇ તો રૂ. ૧.૦૦ લાખથી વધુની કિંમતની ખરીદી નાણાં વિભાગના તા. ૧૭/૦૩/૨૦૦૩ના ઠરાવથી નક્કી થયા મુજબ જાહેરાત આપીને અને રૂ. ૫.૦૦ લાખથી વધુની ખરીદીના કિસ્સામાં ઉદ્યોગ અને ખાણ વિભાગના તા. ૦૮/૦૭/૨૦૧૧ના ઠરાવથી સૂચવ્યા મુજબ ઇ-ટેન્ડરથી કરવાની રહેશે.

(૧૫) નાણાં વિભાગ દ્વારા જે શરતોને મંજૂરી આપવામાં આવેલ હોય તેમાં કોઇપણ સંજોગોમાં નાણાં વિભાગની પૂર્વ મંજૂરી વિના ફેરફાર કરી શકાશે નહિં અન્યથા તે અંગેની જવાબદારી વિભાગની રહેશે.

(૧૬) સદર વહીવટી મંજૂરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો વહીવટી મંજૂરી આપોઆપ રદ ગણાશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક : ૨૩, મુખ્ય સદર : ૪૪૦૮ – ખાદ્ય સંગ્રહ અને વખાર વ્યવસ્થા અંગે મૂડી-ખર્ચ જોગવાઇ, પેટા મુખ્ય સદર : ૦૨-સંગ્રહ અને વખાર વ્યવસ્થા, ગૌણ સદર : ૧૦૧-ગ્રામ્ય ગોદામ કાર્યક્રમ, પેટા સદર : ૦૧-દિવ્યાંગો માટે વિભાગ હસ્તકના જાહેર મકાનોને સુગમ્ય બનાવવા બાબત હેઠળ ઉધારવાનો રહેશે અને મંજૂર થયેલ જોગવાઇમાંથી ખર્ચ કરવાનો રહેશે.

વહીવટી મંજુરી યુ.ઓ.ક્રમાંક : ૧૦૫/૨૨ (વર્ષ : ૨૦૨૨-૨૩) પર નાણાં સલાહકારશ્રીના પરામર્શમાં સચિવશ્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની તારીખ : ૨૧/૦૪/૨૦૨૨ની નોંધથી મળેલ મંજુરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ. એ. કોસ્ટા)
સેકશન અધિકારી,
અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ
ગુજરાત સરકાર.

પ્રતિ,

(૧) અગ્રસચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૨) નાણાં સલાહકારશ્રી (અ.ના.પુ.), બ્લોક નં. ૫, ત્રીજો માળ, સચિવાલય, ગાંધીનગર.
(૩) ઉપસચિવશ્રી (ન-શાખા), માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૪) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
(૫) સર્વે અધિકારીશ્રી, અ. ના. પુ અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૬) અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ હસ્તકના સર્વે ખાતાના વડાઓ.
(૭) રોકડ શાખા (૨ નકલ), અ.ના.પુ. અને ગ્રા.બા.નો વિભાગ.
(૮) સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, અ.ના.પુ અને ગ્રા.બાનો વિભાગ.
(૯) સિસ્ટમ મેનેજરશ્રી, અ. ના. પુ અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૦) સીલેક્ટ ફાઈલ.